Done

ગુજરાત સમાચાર
પાન નં - 03
તા - 17/07/2021

# કોરોનામાં પરિવારના મોભીને ગુમાવનાર વિદ્યાર્થીને આંબેડકર ઓપન યુનિ. વિનામૂલ્યે પ્રવેશ આપશે

કોરોના મહામારીને દરેક વ્યક્તિને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં સ્ટુડન્ટને મદદ કરવાના હેતુથી ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા સ્ટુડન્ટના પરિવારમાંથી કોઇ સભ્યનું અવસાન થયું હોય તેમને વિનામૂલ્યે પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો છે. આ વિશે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. અમી ઉપાધ્યાયે વાત કરતાં કહ્યું કે, શિક્ષણ સમાજનું અભિન્ન અંગ છે. કોરોના મહામારીને લીધે અમારા ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના પરિવારમાંથી કોઇનું મૃત્યુ થાય તેને ફી માફ કરીને તેમને પ્રવેશ આપવામાં આવશે સાથે તેના પરિવારને આર્થિક સહાયરૂપે અગિયાર હજારની સહાય પણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

9/8/2021